# પાલનપુરમાં પતિનો પત્ની પર અચાનક કુહાડીથી હુમલો

**એક વર્ષથી ચાલતા છુટ્ટાછેડા કેસના આખરી દિને હુમલો કરાયો : યુવતીને પાલનપુર બાદ અમદાવાદ ખસેડાઇ, સમગ્ર કોર્ટ પરિસરમાં ખળભળાટ**

પાલનપુર માં આજે ફેમિલી ફાસ્ટ ટ્રેક કોર્ટ પરિસર માં પતિ એ પત્ની પર અચાનક કુહાડી થી હુમલો કરતા સમગ્ર કોર્ટ પરિસર માંખળભળાટ મચી ગયો હતો .પાલનપુર ફેમિલી ફાસ્ટ ટ્રેક કોર્ટ માં આજે અમીરગઢના અવારા ગામના યુવક જેઠાભાઈ રબારીના નજીક માં આવેલા કોટડા ગામની યુવતી લક્ષ્મીબેન રબારી સાથે લગ્ન થયા હતા જો કે છેલ્લા એક વર્ષ થી ચાલતા છુટ્ટાછેડાનો કેસ પાલનપુર ફેમિલી ફાસ્ટ ટ્રેક કોર્ટ માં કરાયો હતો જેમાં આજે છેલ્લો દિવસ હતો તે દરમિયાન અચાનક પતિ એ પત્ની ને કોર્ટ માં થી બહાર નીકળતી સમય પત્ની પર કુહાડી થી ઘાતકી હુમલો કરતા સમગ્ર કોર્ટ પરિસર માં અફરાતફરી સર્જાઈ હતી તેમજ યુવતી ને તાત્કાલિક ૧૦૮ મારફતે પાલનપુર સિવિલ ખસેડાઈ હતી જ્યારે તેની તબિયત વધુ લથડતા તેને તાત્કાલિક અમદાવાદ ખસેડાયા છે તેમજ કોર્ટ પરિસર માં હુમલો કરનારા પતિ ને પણ પોલીસે તાત્કાલિક ધોરણે અટકાયત કરી છે તેમજ વધુ તપાસ હાથ ધરી છે.



# અરવલ્લી જિલ્લા પંચાયતનું અંદાજપત્ર સર્વાનુમતે મંજુર

અરવલ્લી, તા. ૧૬

કોંગ્રેસ શાસિત અરવલ્લી જિલ્લા પંચાયતનું સને ૨૦૧૬-૨૦૧૭ના વર્ષનું સુધારેલ તેમજ ૨૦૧૭-૧૮ના વર્ષનું અંદાજપત્ર ગુરૂવારે મોડાસા તાલુકા પંચાયતના સભાખંડમાં મળેલી સામાન્ય સભામાં જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધીએ રજુ કરતા સર્વાનુમતે પસાર થયુ હતુ. ૨૦૧૭-૧૮ના બજેટમાં જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં વિકાસને ઝડપી બનાવવામાં મદદરૂપ થવાની સાથે નવસર્જન ગુજરાત કાર્યક્રમને બળ મળશે તેવી વિશેષ જોગવાઈ કરવામાં આવી હતી.

અરવલ્લી જિલ્લા પંચાયતના નવા વર્ષે ૨૦૧૭-૧૮ના બજેટમાં ગ્રામીણ ખેડૂતો, જિલ્લાના શૈક્ષણિક બેરોજગાર તેમજ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અને ગ્રામીણ વિસ્તારની બહેનો માટે આ બજેટ લાભદાયી સાબીત થશે. જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધી દ્વારા રજૂ કરાયેલા બજેટમાં જિલ્લામાં પ્રથમવાર ખેત મજૂર માટે જૂથ વિમા યોજના, જમીન વિહોણા ખેતમજૂરોના આકસ્મીક મૃત્યુ સહાય આપવાની બજેટમાં વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યુ હતુ.

ગ્રામિણ વિસ્તારની શાળાઓ માટે રમત-ગમતના મેદાનોના વિકાસ માટે, ગ્રામ્ય વિસ્તારની મહિલાઓને સરકારની વિવિધ યોજનાઓની માહિતી ઉપલબ્ધ થાય તે માટે મહિલા સંમેલનો બોલાવવાની, પશુપાલનોનો મદદરૂપ થાય તેવુ બજેટ અને ખાસ કરીને જિલ્લાના શિક્ષિત બેરોજગાર યુવાનો માટે ઈન્ટરનેટ સુવિધા કેન્દ્ર બનાવવા માટે અલગથી બજેટ મંજુર કરી રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા સરકારી નોકરીઓ માટે આ કેન્દ્રમાંથી માહિતી મળી રહે અને તેને સંલગ્ન તમામ કામગીરી કેન્દ્ર પરથી કરવામાં આવશે. સમાજ કલ્યાણ ક્ષેત્રે કલ્યાણ અને પ્રોત્સાહન માટે અને જાહેર બાંધકામ ક્ષેત્રે પંચાયતની જગ્યાઓને ડેવલોપમેન્ટ કરવાનુ વિશેષ ધ્યાન આપવામાં આવશે. જિલ્લામાં જો કોઈ કુદરતી આપત્તિ આવી પડે તો તેને પહોંચી વળવા પણ બજેટમાં વિશેષ જોગવાઈ કરવામાં આવી હોવાનું જણાવ્યુ હતુ.

જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધીએ જણાવ્યુ હતુ કે જિલ્લા પંચાયત દ્વારા કોઈ જ કરવેરા કે વેરામાં વધારો કરવામાં આવ્યો નથી અને ગ્રામીણ પ્રજા પર કોઈ પણ પ્રકારનો બોજ નાખ્યા વગર ગ્રામીણ વિસ્તારનો ઝડપથી વિકાસ કરવા પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હોવાનુ જણાવ્યુ હતુ. જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારી વિશાલ ગુપ્તા, પંચાયતના કર્મચારીઓ અને સાથી જિલ્લા પંચાયતના સદસ્યો અને વિપક્ષના સદસ્યોનો બજેટ સર્વાનુમતે પસાર કરવા માટે આપેલ સહકાર માટે આભાર વ્યક્ત કર્યો હતો.





# ભાજપમાં પક્ષ પલ્ટુઓને પ્રાધાન્ય

**પાલનપુર નગરપાલિકા વોર્ડ નં.૭ની પેટા ચૂંટણીમાં ૪ ઉમેદવારીપત્રો ભરાયા : કોંગ્રેસી નગરસેવકને ટિકિટ આપતા ભાજપમાં અસંતોષની આંધી**

પાલનપુર, તા. ૧૬

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના વોર્ડ નં.૭માં કોંગ્રેસી નગરસેવકના રાજીનામાં બાદ ખાલી પડેલી બેઠકની પેટા ચૂંટણી યોજાઈ રહી છે. ત્યારે આજે ઉમેદવારીપત્ર ભરવાના અંતિમ દિને ૪ ઉમેદવારી પત્રો ભરાયા હતા. જો કે, ભાજપે તાજેતરમાં જ કોંગ્રેસી નગરસેવક પદેથી રાજીનામુ આપી ભાજપમાં જોડાઈ મતદારોનો દ્રોહ કરનાર પક્ષ પલ્ટુને ટિકિટ આપતા ભાજપના સંનિષ્ઠ કાર્યકરોએ ભારે આંચકો અનુભવ્યો છે.

પાલનપુર નગરપાલિકાના વોર્ડ નં.૭ માં કોંગ્રેસના ચૂંટણી ચિન્હ પર ચૂંટાયેલા અશોક પુરોહિતે તાજેતરમાં કોંગ્રેસથી છેડો ફાડી કોંગી નગરસેવક પદેથી રાજીનામુ ધરી દીધું હતું. બાદમાં આ કાંચીડાના જેમ રંગ બદલી પક્ષ અને મતદારોનો દ્રોહ કરનાર પક્ષપલ્ટુ અશોક પુરોહિત ભાજપમાં જોડાયો હતો.

જે ખાલી પડેલી બેઠકની પેટા ચૂંટણી યોજાતા આજે ઉમેદવારીપત્ર ભરવાના અંતિમ દિન સુધીમાં કુલ ૪ ઉમેદવારીપત્રો ભરાયા હતા. જેમાં ભાજપ-કોંગ્રેસના સત્તાવાર ઉમેદવાર સહીત ડમી ઉમેદવાર મળી કુલ ૪ ઉમેદવારીપત્ર ભરાયા હતા. જો કે, ભાજપ-કોંગ્રેસે પોતાના સત્તાવાર ઉમેદવારોને મેન્ડેટ ફાળવી દેતા ૨ ડમી ઉમેદવારીપત્રો આપોઆપ રદ થઈ જશે. જેથી હવે ભાજપ અને કોંગ્રેસના સત્તાવાર ઉમેદવારો વચ્ચે ફાઈટ ટુ ફિનિશનો સીધો જંગ જામશે.

### ૪ ઉમેદવારીપત્ર ભરાયા

પાલનપુર નગરપાલિકાના વોર્ડ નં.૭ ની એક બેઠકની પેટા ચૂંટણીમાં ગઈકાલે એક અને આજે ત્રણ ઉમેદવારોએ પોતાના ઉમેદવારીપત્રો ભરાયા હતા. જેમાં કોંગ્રેસમાંથી કૌશલ અમૃતલાલ જોશી અને ડમી ઉમેદવાર તરીકે વસંત દેસાઈએ જયારે ભાજપમાંથી અશોક પુરોહિત અને ડમી ઉમેદવાર તરીકે મનોજ રાવલે ઉમેદવારીપત્રો રજૂ કર્યા હતા. ભાજપે અશોક પુરોહિતને ટિકિટ આપતા ભાજપના સંનિષ્ઠ કાર્યકરોમાં ભારે રોષની લાગણી જોવા મળી હતી. જયારે કોંગ્રેસનો દ્રોહ કરી મતદારોને ઉલ્લુ સમજતા પક્ષ પલ્ટુને ભાજપે ઉમેદવાર બનાવતા કોંગ્રેસ અને ભાજપના કાર્યકરો તથા બંને પક્ષના કમિટેડ મતદારો સહીત બુદ્ધિજીવી મતદારોમાં પણ આ પક્ષ પલ્ટુને સબક શિખવાડવાનો મૂડ જોવા મળતા આ પેટા ચૂંટણી ભાજપ માટે પ્રથમ ગ્રાસે મક્ષીકા સમી પુરવાર થઈ છે.

# મજાદર હાઈવે પર ટ્રકની ટક્કરે યુવાનનુ મોત

વડગામ, તા. ૧૬

પ્રાપ્ત માહિતી અનુસાર વડગામ તાલુકાના શંગવાડા ગામનો હરેશભાઈ પરમાભાઈ રાઠોડ ઉ.વ.૨૮ કોઈ કામ અર્થે મજાદર જઈ રહ્યો હતો ત્યારે ભરકાવાડાથી મજાદર તરફ નેશનલ હાઈવે ક્રોસ કરતા પાલનપુર તરફથી અમદાવાદ તરફ જઈ રહેલી ટ્રક આરજે.૦૭.જીડી.૦૩૧૩ના ડ્રાઈવરે ગફલતભર્યા ડ્રાઈવીંગ સાથે ટ્રકના વચ્ચેના ટાયરમાં અડફેટે લેતા આ યુવકનુ ઘટનાસ્થળે જ મોત નિપજ્યુ હતુ અને ટ્રકનો ડ્રાઈવર ટ્રક મુકીને ફરાર થઈ ગયો હતો.



આ સમગ્ર ઘટનાની જાણ વાયુવેગે ફેલાતા મરનાર ઈસમના સગાવ્હાલા ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને છાપી પોલીસની હદમાં આવતા તાત્કાલિક છાપી પોલીસને જાણ કરી હતી. મરનાર યુવક હરેશભાઈ પરમાભાઈ રાઠોડ દીયોદર ખાતે એસટી ડેપોમાં કારકુનની ફરજ બજાવે છે અને મજાદરમાં તેના સગાવ્હાલાને ત્યાં જઈ રહ્યો હતો તે જ વખતે આ અકસ્માત નડતા મૃતકના પરિવારજનોમાં શોકનો માતમ છવાયો હતો. ત્યારે આક્રોશે ભરાયેલા ટોળાએ નેશનલ હાઈવે બંધ કરી દેતા વાહનોની લાંબી લાઈનો થતા ટ્રાફિક જામ થઈ ગયુ હતુ. અને રોષે ભરાયેલા ટોળાએ ટ્રકના કાચ તોડી ટ્રકને નુકસાન પહોંચડતા મામલો તંગ બન્યો હતો. ત્યારે છાપી પોલીસે ઘટનાસ્થળ પર આવી પહોંચતા ઉશ્કેરાયેલા ટોળાને શાંત પાડી મૃતદેહને પી.એમ. માટે છાપીની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

# અરવલ્લી પોલીસ તંત્રમાં ખાલી જગ્યાઓ તાત્કાલિક ભરવાની માંગણી કરતાં ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા

અરવલ્લી, તા. ૧૬

આજરોજ વિધાનસભા ગૃહમાં પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન બાયડ વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલાએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પોલીસ કોન્સ્ટેબલ અને પોલીસ સબ ઈન્સ્પેક્ટરની ખાલી જગ્યાઓ અંગે માહિતી માંગી હતી. જેના લેખિત જવાબમાં સરકારશ્રીએ જણાવ્યું છે કે અરવલ્લી જિલ્લામાં પોલીસ કોન્સ્ટેબલના મંજૂર મહેકમ ૬૦૫ની સામે ૨૧૦ જગ્યાઓ ખાલી છે, જ્યારે સાબરકાંઠા જિલ્લામાં ૨૯૧ જગ્યાઓ ખાલી છે.

મહેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યુ હતું કે, અરવલ્લી જિલ્લો રાજસ્થાન બોર્ડરની નજીક આવેલ હોઈ જિલ્લામાં કોન્સ્ટેબલની જગ્યાઓ મોટા પ્રમાણમાં ખાલી હોવાથી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનારાઓને મોકળુ મેદાન મળી ગયુ છે અને ચોરી, લૂંટ, ખૂન, ધાડ, બળાત્કાર વગેરે ગુનાહિત પ્રવૃત્તિઓમાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. આ ખાલી પડેલ જગ્યાઓ તાત્કાલિક ભરવા અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સુદ્દઢ બનાવવા મહેન્દ્રસિંહ વાઘેલાએ માંગણી કરી હતી.



## મોડાસાના મરડીયા-જીતપુર શાળાને ધો.૧૨ સામાન્ય પ્રવાહનું કેન્દ્ર મળ્યું

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકાના જીતપુર (મરડીયા)ની શ્રીમતી સી.એમ. સુથાર હાઈસ્કૂલને ચાલુ વર્ષથી ધો ૧૨ સામાન્ય પ્રવાહનું કેન્દ્ર મળતા પંથકમાં આનંદની લાગણી પ્રસરી છે. અગાઉ અહીંના અને આસપાસની શાળાઓના ધો. ૧૨ના છાત્રોને છેક જિલ્લા મથક મોડાસા ખાતે પરીક્ષા આપવા જવું પડતું હતું. સંસ્થાના પ્રમુખ શામળભાઈ પટેલે જણાવ્યું કે વિસ્તારમાં શિક્ષણનો વ્યાપ પણ વધ્યો છે અને હવે તો કુમાર છાત્રોની સરખામણીએ કન્યાઓમાં પણ શિક્ષણનું પ્રમાણ વધ્યું છે ત્યારે આ વિસ્તારમાં મળેલ ધો.૧૨નું સામાન્ય પ્રવાહનું કેન્દ્ર આ પંથક માટે છાત્રોને ખૂબ જ નજીક પડતા અહીં આવવા જવાની પણ સુગમતા રહેશે અને જિલ્લા મથક સુધી આવવા જવામાં પડતી હાલાકીનો અંત આવશે. ધો. ૧૨ના છાત્રોને પ્રમુખ શામળભાઈ પટેલ તેમજ આચાર્ય એચ.ડી.પટેલ અને ટ્રસ્ટ્રી મંડળે કુમકુમ તિલક કરી આવકારી શુભેચ્છાઓ પાઠવી હતી.

# જિલ્લા શિક્ષણ તાલીમ ભવન ઈડર મુકામે ઈનોવેશન ફેર-૨૦૧૭ યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૧૬

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના સંયુક્ત ઉપક્રમે ઈનોવેશન ફેર-૨૦૧૭નું આયોજન જિલ્લા શિક્ષણ તાલીમ ભવન, ઈડર મુકામે ૯ થી ૧૧ માર્ચ કરવામાં આવેલ. જેનું ઉદ્દ્ઘાટન જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપે કરેલ.

ઈનોવેશન ફેરમાં બન્ને જિલ્લામાંથી કુલ ૫૭ શિક્ષકો દ્વારા કરવામાં આવેલ શૈક્ષણિક સંશોધનને પ્રદર્શિત કરવા માટે ભવનના પ્રાંગણમાં અદ્યતન સ્ટોલ ઉભા કરવામાં આવેલ. ત્રિ-દિવસીય ઈનોવેશન ફેરમાં બન્ને જિલ્લામાંથી હજારો વિદ્યાર્થી ભાઈ-બહેનો, શિક્ષકો, આચાર્યો, બીઆરસી, સીઆરસી કો-ઓર્ડીનેટરોએ પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષકો દ્વારા નાવિન્યતાસભર પ્રયોગો નિહાળી ધન્યતા અનુભવી હતી.

બન્ને જિલ્લામાંથી પસંદગી પામેલ ૩-૩ શ્રેષ્ઠ શૈક્ષણિક નવતર પ્રયોગોને રાજ્યકક્ષાએ રજૂ કરવામાં આવશે. સમાપન સમારોહમાં હેમચંદ્રાચાર્ય ઉ.ગુ. યુનિવર્સિટીના કુલપતિ ડૉ. બી.એ. પ્રજાપતિ તથા સાબરકાંઠા ડી.ડી.ઓ. હર્ષ વ્યાસે સૌ સંશોધનકર્તા શિક્ષકોને બિરદાવી તેમના સ્ટોલની મુલાકાત લીધી હતી.

જિલ્લા તાલીમભવન, ઈડરના પ્રાચાર્ય કે.ટી. પોરાણિયાના માર્ગદર્શન હેઠળ ત્રિ-દિવસીય ઈનોવેશન ફેરનું સમગ્ર સંકલન અને સંચાલન ભવનના સિનીયર લેક્ચરર ડૉ. નિષાદભાઈ ઓઝાએ કરેલ.

# અસ્વસ્થ રાજસ્થાની મહિલાને ૧૮૧ અભયમની ટીમે પરિવાર મેળવી આપ્યું

ભિલોડા, તા.૧૬

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના રીંટોળાં ગામે ગામમાં આવેલા પાનના ગલ્લા પાસે એક અસ્થિર મગજની લગતી હોય તેવી મહિલા બે દિવસથી એકલી અટુલી બેસી રહી હોવાનો ૧૮૧ અભયમ અરવલ્લીને રીંટોળાં ગામના એક ગ્રામજનનો કોલ મળ્યો હતો તેના આધારે ૧૮૧ અભયમ અરવલ્લી જિલ્લાના કાઉન્સિલર ચેતનાબેન ચૌધરી અને કોન્સ્ટેબલ પીન્ટુબેન મકવાણાએ રીંટોળાં ગામે પહોંચી અજાણી વિખુટી પડેલી મહિલાની તપાસ હાથ ધરી આ મહિલા અસારી સુગના બેન રામજી ભાઈ રાજસ્થાનના હોય તેમ જણાઈ આવ્યું હતું તેની માનસિક પરીસ્થિતિ એ સમયે બરાબર ના હોય કઈ પણ બોલી શકતી ના હતી.

જેથી ૧૮૧ ની ટીમે જષ્ટ ડાયલની મદદ વડે રાજસ્થાનના ઉદયપુર કંટ્રોલની મદદ લઈ આ મહિલા ખેરવાળા તાલુકાના કારછા ગામની ગાંટા ફળિયાની હોવાનું માલુમ પડતા કારછા ગામના સરપંચ નો સંપર્ક સાધી આ મહિલાના વ્હાલી વારસોની જાણકારી મેળવી તેમનો સંપર્ક કરી આ વિખુટી પડેલી મહિલાને ખેરવાળા પોલીસ દ્વારા તેના પરિવારજનોને સોંપવામાં આવી હતી. આ સમગ્ર ઘટનામાં ૧૮૧ અભયમના કાઉન્સિલર ચેતનાબેન ચૌધરી અને કોન્સ્ટેબલ પીન્ટુબેન મકવાણા એ ઉત્તમ કામગીરી કરી હતી.



# ધનસુરા સહકારી જીનના ચેરમેનના માતુશ્રીનું નિધન

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જિલ્લામાં ધનસુરા સહકારી જીનના ચેરમેન રમણભાઈ પટેલ અને બૃહદ સાબરકાંઠાના પૂર્વ જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ જયંતીભાઈ પટેલ, ઈશ્વરભાઈ અને અંબાલાલભાઈ પટેલના માતુશ્રી બાનું શિકાકંપા ગામે નિધન થતા સ્વર્ગસ્થનું બેસણું આગામી તા. ૧૮-૩-૧૭ને શનિવારે સવારે ૮ થી ૪ દરમિયાન શિકાકંપા ખાતે રાખેલ છે.

# અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં નૈતિક મૂલ્યોના જતન માટે ૧૦૦ સ્થળોએ શિબિરો યોજાશે

**આગામી શનિવારે સહયોગ કૃષ્ઠયજ્ઞ આશ્રમમાં પણ નૈતિક શિક્ષણ શિબિર**

મોડાસા, તા. ૧૬

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કાર્યરત જનજાગૃતિ સેવા સંસ્થા દ્વારા આગામી દિવસોમાં ૧૦૦ જેટલા સ્થળોએ નૈતિક મૂલ્યોના જતન માટે તાલીમ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે.

સંસ્થાના સ્થાપક પૂર્વ સાંસદ ડૉ. મહેન્દ્રસિંહની નિશ્રામાં આવો જ નૈતિક શિક્ષણ તાલીમ શિબિર રાજેન્દ્રનગરના કૃષ્ઠયજ્ઞ આશ્રમે આગામી ૧૮મી માર્ચ, શનિવારે સવારે ૮.૩૦ કલાકે યોજાશે.

જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપના પ્રમુખ સ્થાને યોજાનાર આ શિબિરનું એન.આર.આઈ. સી.કે. પટેલ દીપ પ્રગટાવી ઉદ્દ્ઘાટન કરશે. અતિથિવિશેષ પદે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ઉપાધ્યાય ઉપસ્થિત રહેશે.

આજના સમયમાં અત્ર તત્ર સર્વત્ર જ્યારે નૈતિકતાના મૂલ્યોનું ધોવાણ થઈ રહ્યુ છે ત્યારે નૈતિક મૂલ્યો ઉજાગર કરવાના ભાગરૂપે પૂર્વ સાંસદે ઘણા સમયથી શરૂ કરાયેલ આ પ્રયાસોને બન્ને જિલ્લામાં જન સામાન્યમાં આશાનો એક નવો સંચાર પ્રગટાવ્યો છે.

## રૂદ્રાલ પ્રાથમિક શાળામાં વાર્ષિકોત્સવ કાર્યક્રમ ઉજવાયો

અરવલ્લી જીલ્લા શિક્ષણ સમિતી સંચાલિત રૂદ્રાલ પ્રાથમીક શાળામાં વાર્ષિકોત્સવ કાર્યક્રમ ઉજવાયો હતો. આ પ્રસંગે રૂદ્રાલ ગ્રામ પંચાયત સરપંચ, એસ.એમ.સી. અધ્યક્ષ, સભ્યો, ગ્રામજનો, વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીઓના માતા-પિતાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. રૂદ્રાલ પ્રાથમીક શાળાના વિદ્યાર્થીઓ ધ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. રૂદ્રાલ પ્રાથમીક શાળા મુ.શિ.બી.એસ. ગઢસાએ વાર્ષિકોત્સવ કાર્યક્રમનું સફળ સંચાલન કર્યુ હતું. રૂદ્રાલ પ્રાથમીક શાળા ઉ.શિ.બી.ડી. દેવડાએ આભાર વિધિ કરી વાર્ષિકોત્સવ કાર્યક્રમ પુર્ણ જાહેર કર્યો હતો. વિદ્યાર્થીઓ, ગ્રામજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી.




## ગ્લોબલ કેસ્ટર કોન્ફરન્સ-૨૦૧૭માં અરવલ્લી જિલ્લાના મહિલા ખેડૂત એરંડાની ખેતીમાં પ્રથમ વિજેતા

ધી સોલવન્ટ એક્સ ટ્રેક્ટર્સ એસોસીએશન ઓફ ઈન્ડિયા-મુંબઈ આયોજીત કેસ્ટર ગ્લોબલ કોન્ફરન્સ-૨૦૧૭ અમદાવાદ ખાતે ભારત સરકારના રાજ્ય કક્ષાના કેન્દ્રીય કૃષિ મંત્રી પુરષોત્તમ રૂપાલાના પ્રમુખ સ્થાને યોજવામાં આવી. અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના સુલતાનપુર ગામના પારૂલબેન જનકભાઈ પટેલ છેલ્લા ૨૦ વર્ષથી એરંડાની ખેતી કરી રહ્યા છે. કોઠાસુઝ અને જાત મહેનતથી પારૂલબેન છેલ્લા પાંચ વર્ષથી એરંડાની ખેતીમાં વિઘે ૫૫ થી ૬૫ મણનો ઉતારા મેળવેલ છે. ડ્રીપ ઈરીગેશન અને વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિથી ખેતી કરી રહેલા પારૂલબેને પોતાના વિસ્તારના અનેક ખેડૂતોને કૃષિ નવી ટેકનોલોજી પદ્ધતિથી એરંડાનું વાવેતર કરવા માટે માટે પ્રોત્સાહિત કર્યા છે જે માટે સી ફેડરેશન તરફથી રૂ. ૨૫ હજાર રોકડ પુરસ્કાર અને પ્રશસ્તિપત્ર પુરષોત્તમ રૂપાલાના વરદ્હસ્તે પારૂલબેનને એનાયત કરવામાં આવેલ છે. ખેડૂતઆલમ તરફથી અભિનંદન તેઓને આપવામાં આવ્યા છે.